PGVCL

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ

PGVCL

## ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

નં. પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૮/કવા–૦૧/૧૬–૧૭/ ૪૧૦૮ તા. ૦૫/૦૫/૧૬

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
મીહીર રમણીકભાઈ ચૌહાણ,
સ્વામીનારાયણનગર,
હાલાર હાઉસ ની પાછળ, ,
૭૬/૮ એન્જલ બ્યુટી પાર્લર, ગરબી ચોક
જામનગર

વિષય :–વીજબીલ બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૧૨–૦૪–૧૬ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર : ૧૮/કવા–૦૧/૧૬–૧૭)

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં.) ૦૨

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગીય કચેરી નં ૧ જામનગર
(૩) નાયબ ઈજનેર શ્રી , પીજીવીસીએલ , સેન્ટ્રલઝોન પેટા વિભાગીય કચેરી, જામનગર

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

NO:- 06 [A]

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૧૮/કવા–૦૧/૧૬–૧૭ કમિટિ મીટીંગ તા.૨૯–૦૪–૧૬ સ્થળ :–જામનગર

**પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :**

અરજદાર (ફરીયાદી) : નામ: મીહીર રમણીકભાઈ ચૌહાણ, ગામ: જામનગર
રજુઆત કરનાર : અરજદાર શ્રી મીહીર રમણીકભાઈ ચૌહાણ હાજર રહેલ હતા.

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

પીજીવીસીએલ (કચેરી) : સેન્ટ્રલઝોન પેટા વિભાગીય કચેરી, જામનગર (કાર્યક્ષેત્ર : શહેર વિભાગીય કચેરી નં ૧ જામનગર)
રજુઆત કરનાર : એચ.એસ.કંડોરીયા,નાયબ ઈજનેર, સેન્ટ્રલઝોન પેટા વિભાગીય કચેરી, જામનગર

---

## : હુકમ:

ફરીયાદ : વીજબીલ બાબત

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

**૧.૧** અરજદાર જણાવે છે કે, તેઓના ઘરવપરાશ વીજજોડાણ નં.: ૩૨૧૦૪/૦૩૯૦૩/૭, જે અગાઉ ના મકાન માલીક શ્રી "સોઢા વિજયભાઈ કેશુભાઈ" ના નામનુ છે. અને આ મકાન મા હાલ તેઓ વસાવાટ કરે છે, તે જોડાણ મા. માહે વર્ષ–૨૦૧૩ થી ૨૦૦ થી ૩૦૦ યુનીટ ના પ્રતિ દ્રીમાસીક બીલો અપાયેલ છે. હાલ, આ જોડાણ ના "એલ એન્ડ જી કંપની ના મીટર નં. ૦૦૧૭૫૧૯૭ " મા (૧) માહે ડિસેમ્બર–જાન્યુઆરી –૧૫ મા ૫૧૨૪ યુનીટ અને (૨) માહે ફેબ્રુઆરી–માર્ચ –૧૫ ના ૮૧૨ યુનીટ બન્ને વીજબીલો " ક્ષતિગ્રસ્ત મીટર ના કારણે જંપીગ રીડીંગ પ્રમાણે ના" કુલ ૫૧૨૪ યુનીટ ના અપાયેલ હતા. જેથી, તેઓએ મીટર ચકાસણી ફી રૂ.૨૫૦/–, તા.૨૯–૦૩–૧૫ ના રોજ ભરપાઈ કરી અને મીટર ચકાસણી કરવાની અરજી પીજીવીસીએલ મા આપેલ હતી. અને વાંધા સાથે રૂ.૧૫,૦૦૦/– ની રકમ પણ ભરપાઈ કરેલ હતી. જેથી, પીજીવીસીએલ તરફથી તા.૩૦–૦૩–૧૫ ના રોજ સદર મીટર, જે છેલ્લા રીડીંગ ૧૩૫૨૨ થી ઉતારી પેપરપેક કરી બદલાવા મા આવેલ હતુ. અને તા.૦૬–૦૪–૧૫ ના રોજ લેબોરેટરી ચકાસણી કરવામા આવેલ હતી. પરંતુ, સદર મીટર ખરેખર ક્ષતિગ્રસ્ત જ હોવા છતા,લેબોરેટરી ચકાસણી દરમ્યાન મીટર ને તાંત્રીક રીતે યોગ્ય જાહેર કરવામા આવેલ હતુ. લેબોરેટરી ચકાસણી દરમ્યાન સદર મીટર ને, મીટર બનાવટ કંપની મા રજુ કરી અને, મીટર બનાવટ કંપની મારફત ગુણવતા યુકત તાંત્રીક ચકાસણી કરી અને, મીટર ની ખરી તાંત્રીક સ્થિતી નો અભિપ્રાય મેળવવાની નોંધ લેબોરેટરી ચકાસણી રીપોર્ટ મા કરવામા આવેલ છે. તેમ છતા, તેમના મીટર ને આજદિન સુધી મીટર બનાવટ કંપની સમક્ષ રજુ કરી અને મીટર ની ખરી તાંત્રીક સ્થિતી નો અભિપ્રાય મેળવી અને તેના અનુસંધાને અપાયેલ સવાલવાળા બન્ને વીજબીલો બાબતે પીજીવીસીએલ તરફથી કોઈ કાર્યવાહી થયેલ ન હોવાના કારણોસર, અરજદાર ને પીજીવીસીએલ ની આ મુજબ ની સેવા, યોગ્ય અને વ્યાજબી જણાયેલ નથી.

**૧.૨** અરજદાર ખાત્રી પૂર્વક જણાવે છે કે, સદર મીટર મા રહેલ કોઈ અચોકકસ પ્રકાર ની તાંત્રીક ખામીને શોધી કાઢવા માટે, મીટર નો એમ.આર.આઈ. અથવા તો મીટર કંપની મા "મીટર ની" ગુણવતા યુકત તાંત્રીક ચકાસણી કરી અને તે મુજબ મીટર બનાવટ કંપની નો સદર મીટર બાબતે અભિપ્રાય મેળવી, આમ સદર મીટર ને વિશીષ્ટ રીતે ખાસ તાંત્રીક અભિગમ સાથે ફેર ચકાસણી કરી અને અભિપ્રાય મેળવી, અને તેને અનુસંધાને, તેઓને અપાયેલ સવાલવાળા (૧) માહે ડિસેમ્બર–જાન્યુઆરી –૧૫ મા ૫૧૨૪ યુનીટ અને (૨) માહે ફેબ્રુઆરી–માર્ચ – ૧૫ ના ૮૧૨ યુનીટ બન્ને વીજબીલો ને, ન્યાયિક રીત ની નિયમાધીન કાર્યવાહી હેઠળ મુલવવા અરજદાર ની મુખ્ય વિનંતી છે. વિશેષ મા, અરજદાર ના સદર ઘરવપરાશ વીજજોડાણ ના વપરાશી વીજભાર, જોડાણ મા સ્થપાયેલ પ્રતિ વીજબીલ સરેરાશ વપરાશી યુનીટ ની વિગતો, વગેરે તમામ બાબતો નજર સમક્ષ રાખી અને, તેઓને અપાયેલ સદર સવાલવાળા (૧) ડિસેમ્બર–જાન્યુઆરી –૧૫ ના ૫૧૨૪ યુનીટ અને (૨) માહે ફેબ્રુઆરી–માર્ચ – ૧૫ ના ૮૧૨ યુનીટ વાળા બન્ને વીજબીલો ને મુલવવા, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) પક્ષકાર ની રજુઆત**

**૨.૧** અરજદાર શ્રી ના ઘરવપરાશ વીજજોડાણ નં.: ૩૨૧૦૪/૦૩૯૦૩/૭ – જે અગાઉ ના મકાન માલીક શ્રી "સોઢા વિજયભાઈ કેશુભાઈ" ના નામનુ છે. તે જોડાણ વાળા આ મકાન મા હાલ અરજદાર વસાવાટ કરે છે, તે જોડાણ મા, અરજદાર ને, (૧) માહે ડિસેમ્બર–જાન્યુઆરી –૧૫ ૫૧૨૪ યુનીટ અને (૨) માહે ફેબ્રુઆરી–માર્ચ –૧૫ ના ૮૧૨ યુનીટ વાળા વિશેષ વીજવપરાશી યુનીટ ના બન્ને વીજબીલો મળવાના કારણોસર, અરજદાર શ્રી ને તેમના સવાલવાળા મીટર મા ખામી જણાયેલ મુજબ ના કારણોસર, અરજદાર શ્રી એ સદર સવાલવાળા મીટર ની ચકાસણી ફી રૂ.૨૫૦/– ભરપાઈ કરી અને સદર સવાલવાળુ મીટર બદલવા માટે ની અરજી તા.૨૯–૦૩–૧૫ ના રોજ પીજીવીસીએલ મા આપેલ હતી. અને આ અરજી સાથે, સદર બન્ને બીલો ની કુલ રકમ માહેની, રકમ રૂ.૧૫,૦૦૦/– વાંધા સાથે પીજીવીસીએલ મા ભરપાઈ કરેલ હતી.

**૨.૨** મુદ્દા નં. ૨.૧ મુજબ ની અરજદાર શ્રી ની મીટર બદલાવવાની અરજી ના અનુસંધાને, પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી તરફથી અરજદાર ના જોડાણ નુ સવાલવાળા ''એલ એન્ડ જી કંપની ના મીટર નં. ૦૦૧૭૫૧૯૭ '' ને, પર્ફોમા --૧૫ નંબર: ૬૪૫૫૭ થી તા.૩૦–૦૩–૧૫ ના રોજ સ્થળ પર થી ઉતારી અને પેપર પેક કરવામા આવેલ હતુ. આ સમયે, જોડાણ મા ૨.૮૦૦ કીવો નો વીજભાર જોડાયેલ હતો અને મીટર મા છેલ્લા રીડીંગ ૧૩૫૨૨ નોંધાયેલ હતા. આ સમયે એટલેકે તા.૩૦–૦૩–૧૫ ના રોજ, અરજદાર ના સ્થાપન પર નવુ '' એવન કંપની નુ મીટર નં.૦૨૦૧૮૨૫૫'' જે શરૂઆતના ૦૦૦૦૦ રીડીંગ થી મુકવામા આવેલ હતુ. ત્યારબાદ, અરજદાર ના જોડાણ વાળા સવાલવાળા ''એલ એન્ડ જી કંપની ના મીટર નં. ૦૦૧૭૫૧૯૭ '' ને, અરજદાર શ્રી ના પ્રતિનીધી ની હાજરી મા, તા.૦૬–૦૪–૧૫ ના રોજ, પીજીવીસીએલ ની લેબોરેટરી મા ચકાસણી કરવામા આવેલ હતુ. આ સમયે મીટર મા છેલ્લા રીડીંગ ૧૩૫૨૨ નોંધાયેલ હતા. લેબોરેટરી ચકાસણી દરમ્યાન મીટર નો એમ.આર.આઈ. અહેવાલ મેળવવા મા આવેલ હતો. એમ.આર.આઈ. અહેવાલ મા, કોઈ અનિયમીતતા જણાયેલ ન હતી. પરંતુ, મીટર વધુ યુનીટ નોંધતા હોવા બાબત ની અરજદાર ની ફરીયાદ ના અનુસંધાને, સદર મીટર ને, '' મીટર બનાવટ એલ એન્ડ જી કંપની '' સમક્ષ રજુ કરી અને, મીટર ની ખરી તાંત્રીક સ્થિતી, મીટર બનાવટ કંપની પાસેથી અભિપ્રાય ના રૂપ મા મેળવવા માટે ની નોંધ લેબોરેટરી ચકાસણી રીપોર્ટ મા કરવામા આવેલ છે.

**૨.૩** આમ, ઉપરોક્ત મુદ્દા નં.૨.૨ મુજબ ની વિગત નુ અરજદાર ના જોડાણ નુ સવાલવાળુ ''એલ એન્ડ જી કંપની ના મીટર નં. ૦૦૧૭૫૧૯૭ '', જે પીજીવીસીએલ તરફથી '' મીટર બનાવટ એલ એન્ડ જી કંપની '' સમક્ષ રજૂ કરવામા આવેલ હતુ. '' મીટર બનાવટ એલ એન્ડ જી કંપની '' તરફથી સદર મીટર ની ગુણવત્તા યુકત તાંત્રીક ચકાસણી થતા, '' મીટર બનાવટ એલ એન્ડ જી કંપની તરફથી પીજીવીસીએલ ને, તા.૩૧–૦૮–૧૫ ના રોજ ના '' ઈ-મેઈલ'' મારફત, મીટર ની તાંત્રીક સ્થિતી દર્શાવતો અહેવાલ મોકલવામા આવેલ છે. જે અહેવાલ મુજબ, '' this meter can be declared as defective for billing purpose" so please you proceed as per your regular procedure." -- અભિપ્રાય પીજીવીસીએલ ને મળેલ છે. આમ, '' મીટર બનાવટ એલ એન્ડ જી કંપની '' તરફથી '' સદર સવાલવાળા એલ એન્ડ જી કંપની ના મીટર નં. ૦૦૧૭૫૧૯૭ ને '' ને '' બીલીંગ હેતુ માટે ક્ષતિગ્રસ્ત '' જાહેર કરેલ છે. મીટર બનાવટ કંપની તરફથી સદર મીટર નો અગાઉ નો ૧૨ માસ નો બીલીંગ ઈતીહાસ, જે મીટર ની ક્ષતિગ્રસ્તતા ને કારણે, મીટર કંપની દ્વારા પ્રાપ્ત થઈ શકેલ નથી. અરજદાર ના સદર જોડાણ ના સ્થાપન પર તા.૨૭–૦૪–૧૬ ના રોજ થયેલ સ્થળ રોજકામ મુજબ જોડાયેલ વીજભાર ૧.૧૪૦ કીવો છે.

**૨.૪** આમ, મુદ્દા નં. ૨.૩ મુજબ ની વિગતે, અરજદાર ના સ્થાપન પર ના સવાલવાળા ''એલ એન્ડ જી કંપની ના મીટર નં. ૦૦૧૭૫૧૯૭ '' ને, '' મીટર બનાવટ એલ એન્ડ જી કંપની" તરફથી,'' બીલીંગ હેતુ માટે ક્ષતિગ્રસ્ત '' જાહેર કરેલ હોય, જેથી, ક્ષતિગ્રસ્ત મીટર ના કેઈસ મા, નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબર: ૧૧/૨૦૦૫ ના મુદ્દા નં. ૬.૧.૮ અને૬.૧.૧૧ મા કરાયેલ જોગવાઈ મુજબ, '' જોડાણ ના તાંત્રીક રીતે યોગ્ય એવા મીટર મા, નોંધાતા યુનીટ અન્વયે સ્થપાયેલ પ્રતિબીલ સરેરાશ વીજવપરાશી યુનીટ '' મુજબ નુ બીલીંગ કરવાની જોગવાઈ છે. જે મુજબ અરજદાર શ્રી ના સદર ઘરવપરાશ વીજજોડાણ નં.:૩૨૧૦૪/૦૩૯૯૦૩ ૭ મા, તા.૩૦–૦૩–૧૫ ના રોજ નવા મુકાયેલ '' એવન કંપની ના મીટર નં.૦૨૦૧૮૨૫૫'' મા, મીટર લગાડ્યા તા.૩૦–૦૩–૧૫ થી તા.૨૬–૧૧–૧૫ સુધી ના – ૦૮ માસ ના, ૦૪ દ્રીમાસીક બીલીંગ સમયગાળા દરમ્યાન કુલ ૨૬૩૪ યુનીટ નોંધાયેલ છે. જે પ્રતિ દ્રીમાસીક આશરે ૬૬૦ યુનીટ (૨૬૩૪ ÷ ૦૪ દ્રીમાસીક બીલીંગ સમયગાળો ૬૬૦ યુનીટ આશરે ) ની, નવા મીટર મા, વાસ્તવિક વીજવપરાશી યુનીટ ની પ્રતિ દ્રીમાસીક સરેરાશ સ્થાપિત થયેલ છે. આ વાસ્તવિક દ્રીમાસીક સરેરાશી ૬૬૦ યુનીટ ના ધોરણે, અરજદાર ને અપાયેલ(૧) માહે ડિસેમ્બર જાન્યુઆરી –૧૫ મા ૫૧૨૪ યુનીટ વાળા વીજબીલ ને, ૫૧૨૪ યુનીટ ને બદલે ૬૬૦ યુનીટ ની ગણતરીએ, અને (૨) માહે ફેબ્રુઆરી-માર્ચ – ૧૫ ના ૮૧૨ વાળા વીજબીલ મા, જુના મીટર ના હૈયાતી ના દિવસો ને, પ્રતિદીન ( ૬૬૦ ÷ ૬૦ = ૧૧ યુનીટ )૧૧ યુનીટ ની ગણતરીએ, (માહે ફેબ્રુઆરી--માર્ચ - ૧૫ નુ વીજબીલ જે તા.૧૦–૦૪–૧૫ ના રોજ અપાયેલ હોય, જુના મીટર નો સમયગાળો, તા.૦૭–૦૨–૧૫ થી તા.૩૦–૦૩–૧૫ સુધી ના એટલેકે ૫૧ દિન નો હોય) જેથી, જુના મીટર ના (૧૧ × ૫૧ યુનીટ= ૫૬૧) ૫૬૧ યુનીટ, અને નવા મીટર મા ૧૩૬ યુનીટ, એમ કુલ ( ૫૬૧ યુનીટ +૧૩૬ =૬૯૭ યુનીટ ) ૬૯૭ યુનીટ નુ ફેબ્રુઆરી--માર્ચ –૧૫ નુ બીલ બનશે. આમ, સદર બન્ને વીજબીલો,(૧) માહે ડિસેમ્બર–જાન્યુઆરી –૧૫ નુ વીજબીલ, જે ૫૧૨૪ યુનીટ ને બદલે ૬૬૦ યુનીટ ની ગણતરીએ, અને (૨) માહે ફેબ્રુઆરી--માર્ચ –૧૫ નુ વીજબીલ ૮૧૨ યુનીટ ને બદલે ૬૯૭ યુનીટ નુ વીજબીલ એમ રીવાઇઝ ગણતરી મુજબ બનશે.

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

**૩.૧** અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની ફરીયાદ અરજી ના અનુસંધાને, પીજીવીસીએલ કક્ષાએથી મુદદા નં. ૨.૨ મુજબ ની વિગતે, અરજદાર શ્રી ના જોડાણ નુ સવાલવાળુ મીટર બદલાવી અને લેબોરેટરી મા ચકાસણી કરવામા આવતા, મીટર મા કોઈ ક્ષતિ જણાયેલ ન હતી. તેમ છતા, સદર મીટર ને મીટર બનાવટ કંપની સમક્ષ પીજીવીસીએલ દ્વારા રજુ કરવામા આવતા, પીજીવીસીએલ પક્ષકાર ના મુદદા નં.૨.૩ મુજબ ની વિગતે, સદર મીટર – જે બીલીગ ના હેતુ સહ ક્ષતિગ્રસ્ત જાહેર થયેલ હોવા બાબતે નો મીટર કંપની તરફથી પીજીવીસીએલ પક્ષકાર ને અભિપ્રાય મળેલ છે. આમ, સદર કેઈસ, ક્ષતિગ્રસ્ત મીટર સબંધક એવા સવાલવાળા (૧) માહે ડિસેમ્બર–જાન્યુઆરી –૧૫ મા ૫૧૨૪ યુનીટ અને (૨) માહે ફેબ્રુઆરી–માર્ચ –૧૫ ના ૮૧૨ યુનીટ વાળા ૦૨ વીજબીલો ની ફરીયાદ વાળો હોય, પીજીવીસીએલ મા પ્રવર્તમાન નામદાર જીઈઆરસી ના ધારાધોરણ એટલેકેના નોટીફિકેશન નંબરઃ ૧૧/૨૦૦૫ ના મુદદા નં. ૬.૧.૮ અને૬.૧.૧૧ મા કરાયેલ જોગવાઈ મુજબ, ' ' જોડાણ ના તાંત્રીક રીતે યોગ્ય એવા મીટર મા, નોંધાતા યુનીટ અન્વયે સ્થપાયેલ – પ્રતિબીલ સરેરાશ વીજવપરાશી યુનીટ '' મુજબ નુ બીલીગ કરવાની જોગવાઈ છે.

**૩.૨** આમ, મુદદા નં.૩.૧ મુજબ ની વિગતે,સદર સવાલવાળુ મીટર ક્ષતિગ્રસ્ત છે. અને ક્ષતિગ્રસ્ત મીટર ના કેઈસ મા, નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબરઃ ૧૧/૨૦૦૫ ના મુદદા નં. ૬.૧.૮ અને૬.૧.૧૧ મા કરાયેલ જોગવાઈ મુજબ, '' જોડાણ ના તાંત્રીક રીતે યોગ્ય એવા મીટર મા, નોંધાતા યુનીટ અન્વયે સ્થપાયેલ -- પ્રતિબીલ સરેરાશ વીજવપરાશી યુનીટ '' મુજબ નુ બીલીગ કરવાની જોગવાઈ ઓ ને આનુપાંગીક રહીને,અરજદાર શ્રી ના જોડાણ મા અપાયેલ, સવાલવાળા ક્ષતિગ્રસ્ત મીટર ના સમયગાળા ના સવાલવાળા ૦૨ દ્રીમાસીક વીજબીલો, જે પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ અભિપ્રાય ના મુદદા નં. ૨.૪ મુજબ ની વિગતે, સદર બન્ને વીજબીલો,(૧) માહે ડિસેમ્બર –જાન્યુઆરી –૧૫ નુ વીજબીલ, જે ૫૧૨૪ યુનીટ ને બદલે ૬૬૦ યુનીટ ની ગણતરીએ, અને (૨) માહે ફેબ્રુઆરી–માર્ચ --૧૫ નુ વીજબીલ ૮૧૨ યુનીટ ને બદલે ૬૯૭ યુનીટ ની ગણતરીએ, રીવાઇઝ કરવાની બાબત પીજીવીસીએલ ને નિયમાધીન યોગ્ય જણાયેલ હોવાનો ફોરમ કમિટી સમક્ષ અભિપ્રાય રજુ થયેલ છે. ફોરમ કમિટી ને પીજીવીસીએલ પક્ષકાર નો આ અભિપ્રાય નામદાર જીઈઆરસી ના ધારાધોરણ મુજબ નિયમાધીન યોગ્ય અને વ્યાજબી જણાયેલ છે. જેથી, અરજદાર ના સદર બન્ને વીજબીલો, (૧) માહે ડિસેમ્બર--જાન્યુઆરી –૧૫ નુ વીજબીલ, જે ૫૧૨૪ યુનીટ ને બદલે ૬૬૦ યુનીટ ની ગણતરીએ, અને (૨) માહે ફેબ્રુઆરી–માર્ચ –૧૫ નુ વીજબીલ ૮૧૨ યુનીટ ને બદલે ૬૯૭ યુનીટ ની ગણતરીએ, રીવાઇઝ કરવા નો, પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે.

**મુદદા નં.–૪ :** **હુકમ**

**૪.૧** સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૨ મુજબ ની વિગતે,અરજદાર ને અપાયેલ માહે (૧) માહે ડિસેમ્બર--જાન્યુઆરી --૧૫ નુ વીજબીલ, જે ૫૧૨૪ યુનીટ ને બદલે ૬૬૦ યુનીટ ની ગણતરીએ, અને (૨) માહે ફેબ્રુઆરી–માર્ચ –૧૫ નુ વીજબીલ ૮૧૨ યુનીટ ને બદલે ૬૯૭ યુનીટ ની ગણતરીએ, રીવાઇઝ કરવા નો, આ સાથે પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવામા આવે છે.

( કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

( એમ.એન.ઓઝા )
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..